નમસ્કાર ગાંધીનગર

પમરાટ

રહેવા ન કોઈ સ્થાન હતું, કોણ માનશે?
તો પણ અમારું સ્થાન હતું, કોણ માનશે?
એણેય દીધું ઠોકરે મારા સ્વમાનને,
જેના ઉપર ગુમાન હતું, કોણ માનશે?

- જલન માતરી

પાથેય

- રમેશ ઠક્કર

કોણ માનશે ?

લખાણોની હવે હસ્તપ્રત હોતી નથી..એકસરખી ડિજિટલ પ્રત હોય છે..લેખકો હવે લઘરવઘર નથી હોતા..સુઘડ રહેવાનું હવે એમને ફાવી ગયું છે..શાહી અને ખડિયો તો આમ પણ ગાયબ હતાં હવે સર્જકોની કલમ પણ ગાયબ છે..શબ્દો હવે સ્પર્શથી ટપકે છે અથવા તો બોલીને પ્રગટાવી શકાય છે..એકવીસમી સદીનું આલેખન આભાસી બની ગયું છે..દિલ સામેની દુનિયા હવે વર્ચ્યુઅલ વર્લ્ડ બની ગઈ છે..!

પહેલાં વાચક લેખક માટે તરસતો હતો..એ બક્ષીનો યાર બિરાદર હતો..હવે વાચક દુર્લભ જણસ જેવો છે..લખનારા અનેક છે..વાચક એકમેવ છે..એની સામે કિતાબનો કલરવ નથી..પુસ્તકોનાં ફફડતાં પૃષ્ઠો નથી..એક સ્ક્રીનની આભાસી દુનિયા છે...ખરેખર વાચક રાજા છે..ટેરવાના એક સ્પર્શ થકી એ ભલભલા સર્જકને આગળ ધકેલી મુકે છે..પલક ઝપટમાં ! એક દિલ ઔર સો અફસાને..સર્જકોની છોળ વચ્ચે કોઇ ઓળઘોળ વાચક મળી જાય એ તો કિસ્મત જ ગણાય..!

વાંચન એ માણસની આવશ્યક જરૂરિયાત છે..કાગળ ઉપર અંકિત શબ્દોની મજા પડદા ઉપરના અક્ષરોમાં શોધવી મુશ્કેલ છે..એકસાથે એકદિવસમાં બસો ત્રણસો પાનાંની નવલકથા કે વીસ પચ્ચીસ પાનાંની વાર્તાઓ વાંચવી એ આજની પેઢીને અજાયબી લાગે છે..કોઇ સરસ પુસ્તક વાંચ્યાનો એક પરિતોષ હતો જે માણસને આનંદિત કરી દેતો..ડિજિટલ વાચન ભીતર સુધી સ્પર્શી જતું નથી..એક ઉપરચોટિયો આસ્વાદ એ કેવળ એની ઉપલબ્ધિ હોય છે..

બદલતા જમાનાની તાસીર છે..કિતાબોમાં હવે આકર્ષક તસવીર છે..નયનરમ્ય મુખપૃષ્ઠ હોય છે..લેખક કેવા હોય ? એવું એક અડાબીડ વિસ્મય રહેતું..જેને ઘરાઈને વાંચ્યા હોય એવા કવિ કે લેખક ક્વચિત જ ક્યારેક મળી જતા..ત્યારે જે અહોભાવ છલકાતો એની વાત જ અનોખી હતી..આજે પુસ્તક હાથમાં આવે એ પહેલાં જ લેખકની આકર્ષક છબીઓ છલકાઇ જાય છે..પુસ્તકનું હવે પ્રાગટય નથી થતું..વિસ્ફોટ થાય છે !

લેખનની એક વિરાસત હતી..સાહિત્યના પ્રવાહો હતા..કોઇ લેખક દાયકાઓ સુધી એકધારા લખતો રહેતો..લેખકોના યુગ હતા..પરંપરાઓ હતી...હવે કદાચ આ બધું લુપ્ત થઇ રહ્યું છે...લેખનના લસરકા છે..નાની નાની સરવાણીઓ છે..અનેક નામો આવે છે..છવાય છે..ઘડીકમાં વિલાય છે..લેખકોના હવે યુગ નહીં અમુક કલાકો જ હોય છે..મેં પલ દો પલ કા શાયર હું ની વાતના સંદર્ભ બદલાઇ ગયા છે..લખવું એ હજુ પણ એક રોમાંચક વાત છે..પણ લખીને ટકવું એ બાબત હવે એક યાદ સમાન ઘટના છે...

ભારતીય ઉપખંડની દારુણ દુર્દશા

ભારત બહુ જ વિકટ સંજોગોમાં આઝાદ થયું હતું. અંગ્રેજોએ એમના શાસનકાળ દરમિયાન અને એ પહેલાં મોગલો તથા રાજપૂત રજવાડાએ એને ચૂસીને હાજપિંજર બનાવી દીધું હતું. એ કોઈ પણ શરતે અંગ્રેજોની નાગચૂડમાંથી મુક્ત થવા માગતું હતું એટલે ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ તત્કાલીન કોંગ્રેસી નેતાઓ પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ અને ચક્રવર્તી રાજગોપાલાચારી જેવા સમર્થ નેતાઓએ ભાગલાનો પ્રસ્તાવ આંખો મીંચીને સ્વીકારી લીધો અને લુચ્ચા અંગ્રેજની 'ડિવાઈડ એન્ડ રુલ' નીતિનો વિજય થયો. તે વખતે નેપાળ, બ્રહ્મદેશ (બર્મા - આજનું મ્યાંમાર) અને સિલોન (શ્રીલંકા) પણ અંગ્રેજ શાસનની નાગચૂડમાંથી મુક્ત થયેલો. જો વર્તમાન ચીની શાસક શી જિન પિંગ જેવા વિસ્તારવાદી અને દૃઢ મનોબળ વાળો નેતા ભારત પાસે હોત તો પાકિસ્તાન બન્યું જ ન હોત અને વિશાળ ભારતના પ્રદેશો - નેપાળ, ભુતાન, બ્રહ્મદેશ, શ્રીલંકા કે માલદીવ આજે ભારતનો જ ભાગ હોત. પરંતુ ભારતના તત્કાલીન સર્વોચ્ચ નેતાનું નામ મહાત્મા ગાંધી હતું જે 'રઘુપતિ રાઘવ રાજારામ' અને 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ' જેવી ધૂનો અને ભજનો ગવડાવતા હતા. ફક્ત પોતળી પહેરીને અને જાતે સીવેલાં ચંપલ પહેરીને ઉઘાડા ડિલે ફરતા હતા અને સત્ય તથા અહિંસાનો ઉપદેશ આપતા હતા. એમની જગ્યાએ ચીનને મળ્યો એવો માઓત્સે તુંગ જેવો નેતા ભારતને મળ્યો હોત તો ભારત કયારનુંય વિશ્વની મહાશક્તિ બની ગયું હોત કારણ કે ચીનમાં તો ભૂખમરો હતો જયારે ભારત ચુસાઈ ગયા પછી પણ રાખમાંથી બેઠું થવાની ક્ષમતા ધરાવતું હતું. એની પાસે ફળદ્રુપ જમીન હતી અને ફળદ્રુપ ભેજાં હતા જે કાળક્રમે દેશ છોડીને અમેરિકા જઈ ખીલ્યાં. આ બધું એટલા સારું લખવું પડે છે કે બોમ્બ બનાવીને પકડાઈ ન જવાય એટલા માટે ફેન્ચ વસાહત પોંડિચેરીમાં અતિમનસની આરાધના કરવા પલાંઠી વાળીને બેસી ગયેલા મહર્ષિ અરવિંદ કે કોંગ્રેસની ગાંધીછાપ અહિંસાથી ધરાઈ જઈ આઝાદ હિંદ સેના બનાવી જર્મની અને જાપાનની ખેપ કરી ખથમ થઈ ગયેલા સુભાષચંદ્ર બોઝ તો આવા કપાયેલા અંગોવાળા ભારતની કલ્પના જ નહોતા કરી શકતા. એમને તો અખંડ ભારત ખપતું હતું. અને જો એમની કલ્પનાનું અખંડ ભારત રચાયું હોત તો આજે ન તો મ્યાંમારમાં આંગ સાંગ સૂચી જેવા લોકલાડીલાં રાષ્ટ્રીય નેતાને સૈન્ય શાસન જેલમાં ધકેલી શક્યું હોત કે ન પાકિસ્તાન અને શ્રીલંકા દેવાળિયાં બની ગયાં હોત. સમસ્ત ભારતનાં અંગો તરીકે એ સચવાઈ ગયાં હોત. નેપાળ તો ઠીક, તિબેટ પણ માનસિક રીતે તો ભારત સાથે જ જોડાવાનું પસંદ કરત. દેશમાં ખરા અર્થમાં ધર્મનિરપેક્ષ અને સર્વધર્મ સમભાવવાળું કોઈસુપર - આંબેડકર દ્વારા રચાયેલું બંધારણ અમલી બન્યું હોત જેમાં નેપાળ સહિત દેશનાં હિંદુ બહુલ પ્રદેશોને એમની ધાર્મિક ઓળખ સાંપડી હોત અને તિબેટ તથા ભુતાન અને શ્રીલંકા બૌદ્ધ ધર્મનો ઝંડો ફરકાવી શક્તાં હોત. ઈદ જેવા રાષ્ટ્રીય બલિદાન પ્રસંગે એ મહાન પયગંબરના અનુયાયીઓ એવા અખંડ ભારતમાં ઊંચું માથું કરીને ફરી શકતા હોત કારણ કે પાકિસ્તાન નામના ટુકડા જુદા પડ્યા જ ન હોત. એવા એક ટુકડાને પાકિસ્તાનની જોહુકમીમાંથી આઝાદ કરાવનાર ઈંદિરા ગાંધી કે ફિલ્મ માર્શલ માણેક શાએ એને ભારત સાથે નહીં ભેળવીને ઐતિહાસિક ભૂલ કરી છે. શ્રીલંકામાં શાંતિસેના મોકલી તમિલ ટાઈગર્સનો ખુરદો બોલાવનાર રાજીવ ગાંધીએ એ સમયે શ્રીલંકાને ભારતમાં ભેળવી દીધું હોત તો તમિળોએ એમની હત્યા ન કરી હોત. આજે પાકિસ્તાન ભીખનું શકોરું લઈને દુનિયા સામે ઊભું છે. ચીનનું બગલબચ્ચું બની ગયુ છે. શ્રીલંકાની હાલત તો અફઘાનિસ્તાન કરતાં પણ બદત્તર બની ગઈ છે. રાષ્ટ્રપતિને છુપાઈને જીવ બચાવવા ભાગવું પડે છે. પ્રજા ત્રાહિમામ પોકારી ગઈ એટલે છેલ્લા ઉપાય તરીકે હુમલો કરીને રાષ્ટ્રપતિ ભવનમાં જ ઘૂસી ગઈ. ભારતીય ઉપખંડની આ દુર્દશા લુચ્ચા ચીન માટે તો આડકતરો વિજય જ છે.

તંત્રીસ્થાનેથી...

મજબૂત અને શુદ્ધ વિચાર આવે ત્યારે માનવું કે આ ગુરુ કૃપા છે

ગુરુપુર્ણિમાના ઉત્સવની સંવેદના અભિવ્યક્ત કોઈ કરતું હતું ને એમણે કહ્યું, 'જે ઘડે છે તે ગુરુ છે, આશીર્વાદ માંગવા ન પડે સહજપણે જેની કૃપાની અનુભૂતિ સતત થયા કરે તે ગુરુ છે. ગુરુ કૃપાની અનુભૂતિ થાય ત્યારે સમજાય નહિ, પમાય, ગુરુ કૃપાની અનુભૂતિ થાય ત્યારે સફળતાનો નહિ સાર્થકતાનો અનુભવ થાય. ગુરુ કૃપાની અનુભૂતિ થાય ત્યારે કારણ વિના પ્રસન્ન પણ થવાય અને કારણ વિના અશ્રુ પણ આવી જાય.'

અષાઢ મહિનો શરૂ થાય ને વાતાવરણમાં સૂર-શબ્દમાં ગુરુ મહિમા એકાકાર થઈને સંભળાયા કરે. અષાઢ સુધ પુનમ એટલે ગુરુપૂર્ણિમાનો ઉત્સવ. મૂળાં આ દિવસે પુરાણોની રચના કરનારા અને વેદ ગ્રંથો આપનારા વેદ વ્યાસજીનો જન્મ થયો હતો એટલે વ્યાસ જયંતિ નામે આ દિવસ ઓળખાય છે. ગુરુ પૂર્ણિમાના દિવસે ગુરુનું પૂજન થાય છે. અભ્યાસ અને અધ્યાત્મ, એણ બંને ક્ષેત્રમાં જ્ઞાન આપનારા ગુરુઓનું સન્માન અને પૂજન કરવાની પરંપરા રહી છે.

ગુરુ એક શબ્દ છે, જેમાં બે અક્ષર છે, ગુ એટલે અંધકાર અને રૂ એટલે દૂર કરનાર, આમ જે આપણા અંધકારને દૂર કરે છે તે ગુરુ છે.

અંધકાર એટલે કયો ? માત્ર રોશનીનો ઝગમગાટ કે સૂરજનું અજવાળું ન હોય અને જે સર્જાય તે જ અંધકાર ? ના એ તો અંધકાર છે જ, વાદળા છવાય કે વરસાદ વરસે ને અંધકાર છવાયા રાત્રે અંધકાર છવાય ને ઉર્જાના કનેકશન - વીજળી ગુલ થાય ત્યારે પણ અંધકાર છવાય. આ બાહ્ય અંધકાર છવાય ત્યારે આપણી અંદર એક ડર પેદા થાય છે અને ડરને જે દૂર કરે છે, એ ડરની પળે જે આપણી સાથે - આપણી આસપાસ હોવાની અનુભૂતિ થાય છે તે ગુરુ છે. ગુરુ અસુવિધામાં અટવાયેલા શિષ્યના પર કૃપા કરે ને એના કામો સફળ થાય તે વાતથી વધુ ઊંડી અનુભૂતિ એ છે કે ગુરુ સુવિધાને અનુવિધાની પ્રત્યેક પળે આસપાસ છે એ અનુભૂતિ થવી. ગમે તેવી મુશ્કેલ પરિસ્થિતિમાંથી મારા ગુરુ મને ઉગારી લેશે એવી સાચી અને સમર્પિત શ્રદ્ધા હૃદયમાં પ્રગટ થાય એ સાચી ગુરુ ભક્તિ છે. આ શ્રદ્ધા જ અંધકારને દૂર કરે છે અને એ જ ગુરુ કૃપાની અનુભૂતિ છે.

અજવાળું - અજવાળું
તુષાર જોશી

નબળા કે ખોટા વિચાર આવે અને મનને બ્રેક લાગે, એ વિચારોના વમળમાંથી મન છૂટું પડે, એના બદલે સાચી દિશાના, મજબૂત અને શુદ્ધ વિચાર આવે ત્યારે માનવું કે આ ગુરુ કૃપા છે. ગુરુ આંતરિક અંધકારને ભેદે છે અને આંતરિક જગતને ઝળાહળા કરે છે.

ભગવાન દત્તાત્રેયને એકવાર યદુ રાજાએ એમના ગુરુનું નામ પૂછ્યું તો 'આત્મા ગુરુનું છે' એમ કહી ૨૪ નામો આપ્યા હતા જેમાં પંચ તત્ત્વો પણ છે. જ્ઞાન મેળવવું છે એના માટે કોઈ પણ ઉંમરે - કયાંય પણથી જ્ઞાન મળી શકે છે ગુરુ કૃપા અનુભવાય ત્યારે અનાયાસ એવા એવા અઘરા પ્રશ્નોના સરળ ઉત્તરો મળી આવે છે જેની આપણને નવાઈ લાગે, આ ગુરુ કૃપા નહિ તો બીજુ શું છે? એક શ્લોક-ચોપાઈ - દોહા - સાખી પંક્તિ કે સૂત્રમાંથી યોગ્ય સમયે આપણી યોગ્ય સમજ વિકસે છે અને એનો અર્થ બોધ આપણને સમજણના અજવાળા પાથરી આપે છે તો એ અર્થમાં ત્યારે આપણને પ્રાપ્ત થતું જ્ઞાન જયાંથી મળ્યું તે પણ ગુરુ જ છે. એના રચનાર પણ ગુરુ જ છે.

ગુરુનો મહિમા અનંત છે એથી તો ભજન પરંપરામાં ગવાયું છે 'ગુરુ તારો પાર ન પાયો. ગુરુનું સાંનિધ્ય શિષ્યને સદ વિચાર અને સદ્ આચાર સાથે જોડે છે. ગુર આસપાસ હોય ત્યારે પણ અને ના હોય ત્યારે પણ. જયારે ગુરુની કૃપાનો અનુભવ થાય છે ત્યારે આપણે મોટા ભાગે મૌન થઈ જતાં હોઈએ છીએ.'

શ્રદ્ધાને વિશ્વાસથી સેવીએ તો સદ્ગુરુ કૃપા મળે જ છે ને એનું સ્મરણ માત્ર અજવાળું આવા અજવાળાને ઝીલતા રહીએ - પ્રસન્ન રહીએ...

રમત સઘળી મને ફાવે, ફક્ત શતરંજને છોડી, મને બસ ચાલ જેવું ના કદી ચાલતાં ફાવ્યું

રમત સઘળી મને ફાવે, ફક્ત શતરંજને છોડી,
મને બસ ચાલ જેવું ના કદી ચાલતાં ફાવ્યું

-કિશોર જિકાદરા

આપણા ગાંધીનગરના પોતીકા ગઝલકાર અને હવે સમગ્ર ગુજરાતમાં જેઓ ખ્યાતિપ્રાપ્ત છે, તેવા કવિ શ્રી કિશોરભાઈની આ પંક્તિઓ મારી ખૂબ ગમતી ગઝલપંક્તિઓમાંની એક છે.

ડ્વાઈટ મોરોનું એક વાક્ય છે : "દુનિયામાં બે પ્રકારના માણસો છે એક કામ કરનારા અને બીજા જશ લેનારા. ઘરમાં, સંસ્થાઓમાં, કાર્યસ્થળ પર અધિવેશનોમાં સમારંભોમાં અત્ર-તત્ર-સર્વત્ર આ બંને પ્રકારના માણસો મળી આવે છે અને કામ કરનાર વ્યક્તિ પોતાની અગણિત વાર કદર ન થયા પછી એકાદવાર કણસીને બોલી ઊઠે કે "અરે ભાઈ મને તો યાદ કરો ! મને કેમ ભૂલી ગયા હું અહીં દટાયો છું અને આ ઊંચી ઈમારતનો પાયો છું. આવી આ અબોલ ચચરાટી જે હૃદયમાં ઘરબાયેલી હોય છે તે ક્યારેક બહાર નીકળી જાય ત્યારે, વળી પાછા કહેવાતા સુજ્ઞ મોભીઓ, સ્વજનો અને સદસ્યો બોલી ઉઠે છે કે તમે પણ ખરા છો આટલું કામ તો તમે કરો છો આટલી સમજણની અપેક્ષા તો તમારી પાસેથી જ રખાય ને ! અને તમે તો ભૂતકાળમાં ઘણું જતું કર્યું છેપવગેરે વગેરેપ

આવા આવા ઠાલા વચનો ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવાના પ્રયત્ન રૂપ આપવામાં આવે છે. પરંતુ 'જો બૂંદ સે ગઈ વો હોજ સે નહીં આતી' એ કહેવત અનુસાર એક બુંદથી જે વાત વહી ગઈ છે તે મોટા મોટા હોજ ભરવાથી પણ પાછી નથી મળવાની. આપણે ત્યાં પહેલેથી જ એવી પ્રથા રહી છે કે સમજુ માણસ વધુ મુશ્કેલી સહે અને માથાભારે માણસ સામે કોઈ પડતું નથી, એટલે એની આવભગત વધુ થાય. એને સાચવવામાં વધુ આવે.

આજે સમજુ અને સરળ માણસો નથી રહ્યા. તમારી સરળતા અને સારપને વટાવી લઈને કામ કરાવનાર હજારો માણસો અહીં મળી આવે છે. સ્વભાવ મૃદુ હોવાના કારણે, સમયની નજાકત પારખવાની સંજય દૃષ્ટિ હોવાના કારણે સમજુ માણસ ગમ ખાઈ ને પણ ચૂપ રહે છે. અને પછી તો સૌને ફાવતું જડે છે અને જોતજોતામાં આપણી ગણતરી ટેકન ફોર ગ્રાન્ટેડ થઈ જાય છે. આપણને મૂલવવાની દૃષ્ટિ અને ત્રાજવા પણ જુદા જ થઈ જાય છે. ભૂતકાળમાં અળવીતરા અને ખટપટીયા લોકોથી ભરપુર અગવડ ભોગવી લીધેલા સજ્જનોને જયારે વર્તમાન ખૂબ જ સુંદર સગવડ પ્રાપ્ત થતી હોય. ખૂબ જ કાળજીપૂર્વકની સંભાળ પામતા હોય છતાં પણ તેમને તેની કદર નથી રહેતી. બહુ ઝડપથી તેઓ ભૂતકાળની તકલીફો વીસરી જઈને હાલની સરસ પરિસ્થિતિના કર્તા અને સંભાળ લેનાર સમજુ વ્યક્તિને ટેકન ફોર ગ્રાન્ટેડમાં ગણીને તેમના પ્રત્યે બેદરકાર બની જાય છે.

વાસ્તવમાં દુઃખ પછી મળેલા સુખનું મૂલ્ય તો અદકેરું હોવું જોઈએ. અગવડોના પારાવાર તોફાન સહન કર્યા પછી શરૂ થતી સુખની સરવાણીથી તો કેટલો આનંદ પહોંચવો જોઈએ ! અને તેવી સગવડોના સુખના પ્રસંગોને ખોળે મૂકનાર વ્યક્તિ આપણી માટે ખૂબ જ મહત્ત્વની હોવી જોઈએ પરંતુ બને છે તેનાથી વિપરિત જ. સમજુ માણસ જે કંઈ સારા કામ કરે ઘરમાં સંસ્થામાં ઓફિસમાં કોઈ વિશેષ હા કર્યા વગર તન-મન-ધનથી રચ્યોપચ્યો રહે તે વ્યક્તિ ધીરે ધીરે પોતે જ એવું માનતો થઈ જાય છે કે આ તો મારી ફરજ છે.

વિચારયાત્રા
ડો. જય ઓઝા

આઘા રહેવું અને બાઘા રહેવુંની નીતિ અપનાવનાર અકોણા અને તૈયાર ખીર ઝાપટનારા તકવાદીઓ સંપૂર્ણ આયોજન પછી ભીંત પર ખીલી ઠોકતી છેલ્લી હથોડી મારવાનું કામ કરે છે. અગાઉ કેટલા પ્રયત્નો પછી છેલ્લા પ્રયત્ને જશ ખાટી જવા આવે છે. આવો અભિગમ ઘર માટે, સમાજ માટે, સંસ્થા માટે કે પછી કાર્યાલય માટે વહેલો મોડો વિનાશ નોતરનારો બની રહે છે, કારણ કે નિષ્કાળજી કે બેદરકારીની પણ એક સીમા હોય છે. ચૂપચાપ અન્યાય સહન કરતાં જશના મુગટ બીજાને પહેરાવી દેતા પેલા સજ્જનની પણ ક્યારેક તો કમાન છટકે ને ! અને જયારે તેમના સબ્રનો બંધ તુટી જાય છે પછી સુનામી આવે છે.

અને રખેને સમજતા કે ત્યાં સુનામી આવશેપવાક્યુદ્ધ થશેપ ના બિલકુલ નહીં..તેમનો વિરોધ મૌનનો હોય છે અને તે વધુ ખતરનાક હોય છે. દરેક કામમાં હોંશે હોંશે જાત ઘસી ઘસીને, ટકોરાબંધ કામ કરતા રહેવાની આદતને તેઓ ધીરે ધીરે ત્યજી દે છે. પોતાનું સ્વાર્પણ સમજીને મહેનત કરનાર વ્યક્તિને વારંવાર અવગણવામાં આવે તો તેઓ મૂંગા બની જાય છે અને પછી નિષ્ક્રીય બની જાય છે. અને આનું નુકસાન સંસ્થાએ, સમાજે કે ઘરે ભોગવવું પડે છે. સમય સમય પર જો સારી વાત ને સારા કાર્યને સારા વ્યક્તિને વધાવવામાં નહીં આવે તો અનર્થ સર્જાશે. અને આ અનર્થ સમાજની, ઘરની, કાર્યાલયની, સંસ્થાની સારપને ગળી જશે.

- jayuoza@gmail.com,
Mo.9898046488

સપના વિનાની ઊંઘને અધકચરી અને અર્થવગરની ગણવામાં આવે છે

સપનું ક્યે હું ચોક્કસ આવું,
પણ ભઈલા તું ઊંઘે તો ને ?
ઝાકળ ક્યે હું પણ નવરાવું,
અંદરથી તું ઊગે તો ને ?

- કૃષ્ણ દવે

સપના વ્યક્તિના ચરિત્રનો સચોટ માપદંડ છે. સપના એટલે જવાબદારીઓનો આરંભ. એ પણ એટલું જ સાચું છે કે, જેને પોતાના સપનાના સૌંદર્યની સમજ પડે છે એના કદમોમાં દમામદાર ભવિષ્ય હોય છે. સપનાનો હંમેશા એક જ માલિક હોય, એટલે શમણા જોવાવાળો સદા સર્વદા એકલો જ હોય. સ્વપ્નવીર એકલો હોય એટલે જ એ યોદ્ધાની માફક આગળ વધવા હંમેશા થનગનતો હોય.

સ્વપ્ન સૌ કોઈ જૂએ છે. બંધ આંખોથી અને ખુલ્લી આંખે શમણા જોવાતા હોય છે. ખુલ્લી આંખે જોવાયેલા સ્વપ્ન એટલે નવી આશા, ઉન્નત આકાંક્ષા અને મહેકતી મનોકામનાનો મઝાનો આયનો. દરેક વ્યક્તિ સેવેલા સ્વપ્ન સાકાર કરવા ઈચ્છતો હોય અને એના માટેની પ્રેરણાની ઝંખના કર્યા કરતો હોય. પ્રેરકબળ શોધતો રહેતો હોય. ગઈકાલ આજની યાદ બનીને રહી જાય છે. આવતી કાલ આજનું સપનું હોય છે. કોઈપણ શમણું જાદુઈ લાકડી ઘુમાવીને હકીકત બની નથી જતું. શમણાને જમીની હકીકત બનાવવા માટે અથાક પરિશ્રમનો પ્રસવેદ અને દ્રઢ સંકલ્પનો સમન્વય જોઈએ.

કિસ્ટોફર ઈવાન્સના સંશોધન અનુસાર શમણા એ વ્યક્તિની અમૂલ્ય મૂડી છે. સ્વપ્ન વ્યક્તિના જીવનની ઈમારતનો મજબૂત પાયો છે. કોઈપણ વ્યક્તિ થાક ઉતારવા માટે નહીં પણ સપના સમજાવવા માટે ઊંઘતો હોય છે. સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે, પડતાં વેંત સુઈ

જઈએ અને આજુબાજુનો કશો ખ્યાલ ન રહે કોઈ સપનું ન આવે એવી ઊંઘ એટલે સરસ મઝાની ઊંઘ કહેવાય. જો કે ઈવાન્સના મતે સપના વિનાની ઊંઘ અધકચરી અને અર્થવગરની ઊંઘ કહેવાય.

જગતભરના ચિંતકો અને સંશોધકોના મંતવ્ય મુજબ સુતેલા વ્યક્તિની પાંપણ નીચે કીકીની 'રેપીડ આઈ મુવમેન્ટ' થતી હોય ત્યારે એ સ્વપ્ન જોતો હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ તેની નિદ્રાના સમયનો એક ચતુર્થાંશ ભાગ સ્વપ્ન જોવામાં ગાળતો હોય છે. મનોવૈજ્ઞાનિકો તો ત્યાં સુધી કહે છે કે, વ્યક્તિની અધુરી ઈચ્છાઓ, સંઘર્ષો, લાગણીઓ, પ્રેમ, ભાવના સ્વપ્નમાં રજૂ થતા હોય છે. સપનાનું વિશ્વ અત્યંત વિકસેલુ હોય છે. જ્યારે વ્યક્તિ સુતો હોય છે ત્યારે તેનું અંતરમન જાગૃત હોય ત્યારે કરેલા કાર્યો અને સંવેદનાઓને સુવ્યવસ્થિત કરવાનું કામ કરે છે. ભાવિ રોડમેપ ડિસાઈડ કરે છે. આ જ તો શમણાનુ મુખ્ય કાર્ય હોય છે.

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

જાગતી વ્યક્તિ સપનું જુએ તો આસપાસના લોકો એને 'મુંગેરીલાલ કે હસીન સપને...' કહીને હસતા હોય છે. આ સંદર્ભમાં કોલંબીયન યુનિવર્સિટીના બે તેજસ્વી સંશોધકો, લોરેન્સ શેફર અને એડવર્ડ શોબેનનો અહેવાલ કહે છે કે, જાગૃત અવસ્થામાં જોવાતા દિવાસ્વપ્ન એ માત્ર ખયાલી પુલાવની તરંગી પ્રક્રિયા સમજવાની ભુલ ન કરવી જોઈએ. એમણે કરેલા પ્રયોગો ઉપરથી સ્પષ્ટ થયું છે કે, એમણે લીધેલાં સેંપલ સર્વેના અડધાથી વધારે લોકોએ જગૃત અવસ્થામાં જોયેલા દિવાસ્વપ્ન સાકાર થયાં છે.

માનવી પ્રકાશ જેટલી તેજ રફતારથી આકાશમાં વિહરી શકે એવા આઈન્સ્ટાઈનના દિવાસ્વપ્ને અનેક વૈજ્ઞાનિક આવિષ્કારોને જન્મ આપ્યો. એક વાત તો સ્પષ્ટ છે કે, સ્વપ્ન ઉપર માનવીનો કોઈ અંકુશ નથી હોતો પરંતુ વ્યક્તિના દિવાસ્વપ્નો ચોક્કસ અંકુશમાં હોઈ શકે છે. આગળ વધેલા પૈકી નેવુ ટકા લોકો દિવાસ્વપ્ન જોવાની ટેવવાળા જ હોય છે.

દરેક વ્યક્તિ સપનાનો છોડ વાવી જ શકે છે. વ્યક્તિ ત્યારે જ જીનિયસની વ્યાખ્યામાં બંધ બેસે છે જ્યારે એ દિવાસ્વપ્ન જોવા લાગે છે. આપણા પિતાનું એક સપનું હતું, આપણા પણ સપના હોય છે. આપણા બાળકોના પણ સ્વપ્નો હશે. સ્વપ્ન અને કલ્પના વગરનું જીવન વિચારી ન શકાય. શમણાવિહિન દશામાં માનવીનું અસ્તિત્વની કલ્પના ન થઈ શકે. વ્યક્તિમાત્રને સપનાની જરૂરિયાત હોય છે. સપનામાં ભોજન જેટલું પોષણ હોય છે.

વ્યક્તિ કેવો દેખાય છે તેનાથી કોઈ ફરક નથી પડતો. વ્યક્તિનું લક્ષ્ય કેવું છે, એની મહેનત કરવાની તમન્ના કેટલી છે, તેણે જોયેલા સપના પાછળ દોડવાની અભિપ્સા કેવી છે, એનાથી વ્યક્તિના જીવનમાં ફરક પડતો હોય છે. સ્વપ્ન જોવાની આવડત છે તો દુનિયા જીતી શકવાની ક્ષમતા છે.

ધબકાર :

મોટા ભાગે લોકો પોતાના સપનાને નથી જીવી શકતા કારણ કે એ લોકો એમના ડરને જીવતા હોય છે.

દિન મહિમા

- રાષ્ટ્રીય સરળતા દિવસ
- પેપર બેગ ડે

આજનું

ઔષધ

- અમૃતરસ ગળોનું વસ્ત્રગાળ પૂર્ણ ૫૦૦ ગ્રામ, ગોળ ૮૦ ગ્રામ અને ઘી ૧૦૦ ગ્રામના મિશ્રણને અમૃતરસ કહે છે. પુખ્તવયના માણસોને એક ચમચી અને બાળકોને અડધી ચમચી આ ઔષધ સવાર-સાંજ આપવાથી તેમ જ પથય અને પરિમિત આહાર લેવાથી વાળની ધોળાશ, વૃદ્ધાવસ્થા, જવર, વિષમજવર, વાતરક્ત અને નેત્રરોગ થતા અટકે છે.

ખડખડાટ

- ટીચર : સ્ક્રીન શોટનું શું છે ? હું : તે અમારા મિત્રને બ્લેકમેઈલ કરવાનું એક સાધન છે.

આજનું

વોટ્સએપ

- સવાર તો રોજ પડે છે , તમે ક્યારે જાગો છો એ મહત્વ નું છે..!!